EDITOR - BHUPEN VALA

ગુજરાત મુવમેન્ટ

NOV 2023

# thefootage

REFLECTION OF GUJARATI ENTERTAINMENT



ગુજરાતી દર્શકો ગુજરાતી ફિલ્મનો ફર્સ્ટ શો જોવા માટે આતુર થતા નથી

## પૂજા જોષી

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાઉન્ડ ઈફેક્ટને લઈને હવે ગંભીર બની છે પરંતુ હજુ પણ ઘણું ખૂટે છેઃ રણજીતસિંહ મકવાણા

‘છેલ્લો શો’ એક એવી ગુજરાતી ફિલ્મ જેણે વિશ્વ ફલક પર ગુજરાતને સન્માન અપાવ્યું

દર્શકોને વાસ્તવિકતાનો અનુભવ કરાવી શકે એવી ગુજરાતી ફિલ્મ હવે બની રહી છેઃ મનીષ સૈની

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મેકર્સ નહીં એક્ટર્સની કમી છેઃ પરીક્ષિત તમાલિયા

www.thefootage.in

શુભ દિપાવલી

# EDITOR MESSAGE

પ્રિય વાચક મિત્રો

આપને જણાવતા આનંદ અનુભવું છું કે, ધ ફૂટેજ હવે માત્ર પ્રિન્ટ જ નહી પણ સાથે સાથે ડીઝિટલ યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. તાજેતરમાં અમે ધ ફૂટેજ નું વેબપોર્ટલ લોન્ચ કર્યું છે. હવેથી ગુજરાતી મનોરંજનનાં તમામ ન્યુઝ અને અપડેટ આપ અમારી વેબસાઈટ પર જોઈ શકશો. ગુજરાતી એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીની દરેક માહિતી તત્કાલ સમયે અહીં અપડેટ થતી રહેશે. સાથે સાથે મેગેઝીનમાં પબ્લિશ થતાં દરેક આર્ટિકલ અને ઈન્ટરવ્યું પણ આપ આ વેબસાઈટ પર વાંચી શકશો. ધ ફૂટેજનો આ અંક વેબપોર્ટલ પર ઈ-કોપી તરીકે ઉપલબ્ધ હશે. આશા કરું છું કે, આપને ધ ફૂટેજ વધુ પસંદ પડશે.

ધ ફૂટેજની શરૂઆત આજથી ત્રણ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. ગુજરાત મુવમેન્ટ દૈનિક દ્વારા અમે “ધ ફૂટેજ” નામક ફક્ત ગુજરાતી ફિલ્મ જગત અને ગુજરાતી મનોરંજન માટે ન્યુઝ સપ્લીમેન્ટની શરૂઆત કરી હતી જેને વાચકોએ મગેઝિન તરીકે સ્વિકાર્યું અને ખુબ પસંદ પણ કર્યું છે. પ્રિન્ટ મીડિયામાં સૌ પ્રથમ આ એવું ન્યુઝ સપ્લીમેન્ટ છે જે ગુજરાતી સિનેમાંનાં ન્યુઝ સાથે ગુજરાતી કલાકારોનાં ઈન્ટરવ્યુ, ડાયરેક્ટર અને પ્રોડ્યુસરનાં ઈન્ટરવ્યૂ, રેડિયો, નાટક, મોડલિંગ જગત, ગુજરાતી સિરિયલ, શુટીંગ ડેસ્ટિનેશન વિશેની માહિતી, ઈવેન્ટ અને એવોર્ડ, ફિલ્મ પ્રમોશન, નવા કલાકારોનાં ઈન્ટરવ્યૂ, ગુજરાતી સંગીત અને સિંગર, ગુજરાતી શોર્ટ ફિલ્મો તેમજ ફિલ્મ અને મનોરંજન ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક વિષયની રસપ્રદ માહિતી પ્રકાશિત કરી રહ્યું છે.

આ એક એવી અનોખી શરૂઆત હતી, જે આપણી પોતાની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીને ગુજરાતની જનતા સમક્ષ મુકવાનું માધ્યમ બન્યું. જેથી ગુજરાતી કલાજગત સાથે સંકળાયેલા તેમજ આ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશવા મથતા નવા ટેલેન્ટને મદદરૂપ નિવડી શકે. અત્યારનાં સમયમાં ગુજરાતી સિનેમાએ જાણે એક નવા જ અદ્યાયની શરૂઆત કરી છે. અત્યારે ફિલ્મોનો નવો દૌર ગુજરાતી દર્શકોને પ્રભાવીત કરી રહ્યો છે સાથે પસંદ પણ પડી રહ્યો છે.

તો આવી જ અનોખી વાતો અને પ્રશ્નો સાથે એક નવા જ યુગમાં સૌ સાથે મળીને પ્રવેશ કરીએ, આવનાર સમયમાં ગુજરાતી સિનેમા અનેક શિખરો સુધી પહોંચે તેવી અપેક્ષાઓ સાથે અમારા આ નવા અભિયાનમાં ઉત્સાહ સભર સહકારની અપેક્ષા રાખું છું. આભાર

એડિટર - ભુપેન વાળા
ધ ફૂટેજ

DAILY NEWS PAPER
ગુજરાત મુવમેન્ટ
દૈનિક દ્વારા પ્રકાશિત
thefootage
Reflection of Gujarati cinema
RNI NO: GUJGUJ/2015/62334

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી
ભુપેન એન. વાળા

કન્ટેન્ટ એડીટર
કેયૂરી અત્રિ

ગુજરાત મુવમેન્ટ (દૈનિક) દ્વારા “ધ ફુટેજ” ન્યુઝ સપ્લીમેન્ટ દર મહિને અમદાવાદથી પ્રકાશિત થાય છે.

કિમંત : રૂ. ૨૫/-

હેડ ઓફીસ : અમદાવાદ
8780062620

Follow us on

thefootage
Reflection of Gujarati cinema

## ખાસ નોંધ

ધ ફુટેજ ’ નાં લવાજમ, જાહેરાત તેમજ અન્ય કોઇ બાબત માટે માત્ર અમદાવાદ ઓફિસનો સંપર્ક કરવો. આ અંગે ગુજરાતમાં કોઈપણ પત્રકાર, એજન્સી કે ઓથોરાઇડ્સ વ્યક્તિની નિમણુંક કરેલ નથી.

જાહેરાત કે લવાજમ સ્વિકારવા માટે ‘ધ ફુટેજ’ માં છપાયેલ વ્યક્તિ કે સ્થળો સિવાય અન્ય કોઇ વ્યક્તિ કે શાખાઓ સાથે વ્યવહાર કરવો નહી. જાહેરાત કે લવાજમ ભરતા પહેલા એજન્સી કે વ્યક્તિ પાસેથી જરૂરી ઓથોરાઇઝ્ડ કાગળોની ચકાસણી અચુક કરવી. તે સિવાયનાં વ્યવહાર માટે ‘ધ ફુટેજ’ જવાબદાર રહેશે નહીં.

‘ ધ ફુટેજ ’ માં પ્રકાશિત થતા ન્યુઝ, જાહેરાતો, લેખો તેમજ અન્ય વાંચન સામગ્રી દ્વારા વ્યક્ત થતા વિચારો સાથે ગુજરાત મુવમેન્ટ સંપુર્ણ સંમત હોય તેવુ માનવું નહીં. કૃપા કરી વાંચક મિત્રો પોતાની વિવેકબુધ્ધીનો ઉપયોગ કરે.

તાજેતરમાં નેશનલ એવોર્ડ અને ઓસ્કાર નોમિનેશન મેળવી ચુકેલા ગુજરાતી ફિલ્મ 'છેલ્લો શો' નાં ડિરેક્ટર પાન નલિન સાથે ધ ફુટેજનો વિશેષ સંવાદ.

# એક એવી ગુજરાતી ફિલ્મ જેણે વિશ્વ ફલક પર ગુજરાતને સન્માન અપાવ્યું

સૌરાષ્ટ્રનું અડતાલા જે લાઠી તાલુકાનું એક નાનકડું ગામ છે અહીંથી શરૂ થયેલી સફર પાન નલિનને વિશ્વનાં અનેક દેશ સુધી લઈ જાય છે. સિનેમા જો શોખ અને પેશનનો વિષય હોય તો ભલે તમે સિનેમાનાં બેકગ્રાઉન્ડથી ન હોય તમને સફળતા અચુક મળે છે. આ નાનકડા ગામડાંનો માણસ અત્યારે જગપ્રસિદ્ધિ મેળવી ચુક્યો છે. અત્યાર સુધી વિશ્વનાં અનેક પ્રસિદ્ધ અને નામાંકિંત પ્રકાશનોએ જેમને કવરેજ આપ્યું હોય એવા ડિરેક્ટર પાન નલીન સાથે ધ ફુટેજનો આ વિશેષ સંવાદ..


છેલ્લો શો' આ માત્ર એક ગુજરાતી ફિલ્મ જ નથી પંરતુ એક ઐતિહાસિક ઘટનાં છે. જેણે માત્ર ગુજરાતી સિનેમાને જ નહીં પણ ગુજરાતને વિશ્વ ફલક પર પ્રસિદ્ધિ અપાવી એવુ કહેવામાં પણ અતિશયોક્તિ નથી. આ ફિલ્મ અને પાન નલિનની સફર વિશે આપ સૌ એ અત્યાર સુધી ઘણું વાચ્યું અને સાંભળ્યુ પણ હશે જ. અહીં એમની સાથે થયેલી એવી વાતોને ટાંકવાનો પ્રયત્ન કર્યો છે જે કદાચ નોંધવા જેવી હતી, જેને ફરી વાગોળવા જેવી હતી. માત્ર ચૌદ વર્ષની વયે પાન નલીને અડતાલા છોડ્યુ અને આ નાનકડા ગામને છોડી પોતાએ કંઈક કરવુ છે એવા વિચાર સાથે સફરની શરૂઆત જે વડોદરા, અમદાવાદ પછી મુબંઈ અને આજે દુનિયાનાં લગભગ દેશોની સફર તેઓ ખેડી ચુક્યા છે. આજથી વિસ વર્ષ પહેલા પાન નલિનની પહેલી ફિચર ફિલ્મ 'સમસારા' વર્લ્ડ વાઈડ રિલીઝ થયેલી જે ફિલ્મએ એ સમયે ૧૩૦ કરોડની કમાણી કરેલી જેને અત્યાર સુધીમા ૪૦ જેટલા ઓસ્કાર મળ્યા છે એવા હાર્વી વાઈનન્સિંટ જેણે આ ફિલ્મ એક્વાયર કરેલી. આ સમયે બોલીવુડમાં એ ચર્ચાનો વિષય બન્યો કે આ વ્યક્તિ કોણ છે જેની ફિલ્મ ૧૦૦ કરોડ ઉપરનું બોક્સ ઓફિસ કલેક્શન કરી ચુકી છે. પાન નલીન વાર્તા પર વધુ ભાર મુકનારા ડિરેક્ટર છે જેઓ કહે છે કે, આપણે ત્યાં એક એવું ચલણ છે કે, તમારી ફિલ્મમાં જ્યાં સુધી મોટા સ્ટાર, મોટા પ્રોડ્ક્શન હાઉસ નથી હોતા ત્યાં સુધી તમારા તરફ કોઈનું ધ્યાન નથી જતું. પરંતુ છેલ્લો શો ભાવિન ને ધ્યાનમાં રાખીને કોઈ જોવા નથી જતું આ ફિલ્મ સારી છે એટલે લોકોએ ખુબ પસંદ કરી છે. તેમની વાતોમાં મે નોધ્યું કે, તેઓ ખરાં અર્થમાં સિનેમાને જીવનારા માણસ છે જે સિનેમાનાં હાર્દને કંઈ જુદી રીતે જુએ છે અને સમજે છે. અત્યાર સુધીમા તેમણે અનેક ભાષાઓમાં ફિલ્મો બનાવી છે અને એજ કારણ છે કે તેઓ વાર્તાઓને વધારે મહત્વ આપે છે.

પાન નલીન અત્યારે દેશ અને વિદેશમાં જાણીતા બન્યા છે ખાસ કરીને આ ગુજરાતી ફિલ્મ છેલ્લો શો. અડતાલા છોડ્યા પછી આ ગામમાં તેમનું આવવાનું રહ્યું છે. આ ફિલ્મ નિર્માણ પાછળ બે ખાસ નોંધવા જેવી વાતો એ છે કે, એક જ્યારે સિનેમા ડિઝીટલ યુગ તરફ આગળ વધ્યું અને જુના પ્રોજેક્ટરની જગ્યાએ ડિઝીટલ પ્રોજેક્ટર આવ્યા ત્યારે લગભગ ૨ લાખ જેટલા પ્રોજેક્ટર ઓપરેટર બેરોજગાર થઈ ગયેલા. સિનેમાની એ કદરૂપી સાઈડ જેને કદાચ સંપુર્ણ નજરઅંદાજ કરવામાં આવી, કોઈએ નોંધ પણ ન લિધી કે એ વ્યક્તિઓની હાલત શું હશે !? બિજી વાત માણસનાં જીવનનું અત્યંત મહત્વનું પાસું બાળપણ. એ બાળપણમાં શું કરતો હતો અને તેમનાં બાળપણનાં મિત્રો કોણ હતા ? આ મહત્વની બે ઘટનાઓએ આ ફિલ્મનો વિચાર પાન નલિનનાં મગજમાં રોપ્યો. એવું કહી શકાય કે આ ફિલ્મની સ્ટોરી પાન નલિનનાં જીવનનાં અનુભવો પર આધારીત છે. બાકી ફિલ્મ વિશે આપ સૌ સારી રીતે જાણો જ છો. ફિલ્મની સ્ટાર કાસ્ટની શોધ વિશે તેઓ કહે છે કે, આ બધા બાળકો ગુજરાતનાં ગામડાઓમાંથી શોધાયા છે. પહેલા તો જે અનુસરવાનું હતુ કે કાસ્ટિંગ ડિરેક્ટર એક્ટિંગ જાણતા હોય એવા બાળકોનાં ઓડિશન લે, પરંતુ છેલ્લે એ નક્કી થયું કે, નોનફિલ્મ કેરેક્ટરની શોધ કરવામાં આવે અને કાઠીયાવાડથી આ પાત્રોને શોધવાની શરૂઆત થઈ, ગુજરાતનાં નાનકડા ગામ વસઈમાંથી તેમને ભાવીન રબારી મળે છે. એ જ રીતે અન્ય નવ દસ વર્ષનાં બાળકો મળ્યા. અહીં એક અદભુત વિચારવા જેવી વાત એ છે કે, જેણે સિનેમા ક્યારેય જોયું ન હોય, જેને એક્ટિંગ વિશે કોઈ જ ખ્યાલ ન હોય એવા પાત્રોએ આ ફિલ્મને ઓસ્કાર સુધી પહોંચાડી દિધી. વિચારી શકો કે એક સફળ ફિલ્મ બનાવવા પાછળ કેવી અને કેટલી મહેનત લાગી હશે. અહીં પાન નલીન એક સફળ ડિરેક્ટર સાબિત થાય છે.

નલીનકુમાર પંડ્યા કહે છે કે, આ ફિલ્મ ઓસ્કારમાં જશે એવી કોઈ કલ્પના જ નહોતી. કેમ કે, જ્યાં આર.આર. આર., કાશ્મીર ફાઈલ, રોકેટ્રી જેવી સફળ ફિલ્મો હોય ત્યાં મોટી સ્ટાર કાસ્ટ વગરની આ ફિલ્મ ભારત ઓસ્કારમાં મોકલે એવા કોઈ ચાન્સ લાગી નહોતા રહ્યા. અને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે કોઈ જોક કરી રહ્યું હોય એવું લાગ્યુ હતું. અને જ્યારે ઓફિશિયલી એનાઉન્સ થયું ત્યારે એ ક્ષણ અદભુત હતી, બોલીવુડને પણ ભરોસો નહોતો આવતો કે આ ફિલ્મ ઓસ્કારમાં મોકલવામાં આવશે. અને ત્યાર બાદ મોટા પ્રોડક્શન હાઉસ અને મોટા સ્ટારએ આ ફિલ્મ જોવાની શરૂ કરી, કહેવાય છે સફળ થયા પછી જ તમારી નોંધ લેવાતી હોય એ પહેલા તમે શું બેસ્ટ કરી રહ્યા છો એ બાજુ કોઈનું ધ્યાન નથી જતું.

અત્યાર સુધીમાં આ ફિલ્મ અનેક દેશોમાં એટલે કે અમે આ ઈન્ટરવ્યુ કરી રહ્યા હતા ત્યાં સુધી આ ફિલ્મ દુનિયાનાં ૪૫ જેટલા દેશોમાં રિલીઝ થઈ ચુકી છે. આ ફિલ્મ અત્યાર સુધીમાં સ્પેનિશ, જર્મન, ઈટાલિન અને રશિયનમાં ડબ થઈ ચુકી છે, મુળ ભાષા ગુજરાતી છે અને હિન્દીમાં પણ ડબ થઈ છે. ઈટલીમાં આ ફિલ્મ ૨૫૦ સ્ક્રીન પર રિલીઝ થઈ છે. વિચારો એક ગુજરાતી ભાષાની ફિલ્મ ક્યાં સુધી પહોંચી શકે, એનુ આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેમ છતા હજુ આપણું રિજનલ સિનેમા પાપાપગલી રહ્યું છે એવા શબ્દો સાંભળવા મળે છે. એક ગુજરાતી ફિલ્મ જે જાપાનમાં રિલીઝ થાય અને ગુજરાતી વ્યજનો પર એક રેસિપી બુક બનાવે તે અદભુત ઘટનાં કહેવાય, ચિનમાં આ ફિલ્મ ૩૦૦૦ની કેપીસિટી વાળા થિયેટરમાં રિલીઝ થાય, ત્યાંથી કેરલામાં એક થીયેટરમાં લોકો સિડીમાં બેસીને ફિલ્મ જોવાની જીદ પકડે, આરઆરઆરની સ્ટાર કાસ્ટ એના વ્યસ્ત સમય વચ્ચે આ ફિલ્મ જોવા આવે, આવી અનેક ઘટનાંઓ આ ગુજરાતી ફિલ્મ સાથે જોડાયેલી છે. વિશ્વનાં અનેક મોટા મિડીયા હાઉસ તેમજ પ્રસિધ્ધ અખબારો અને મેગેઝીનોએ જેમની નોંધ લિધી હોય તે સાથે દેશ અને દુનિયામાં આ ફિલ્મની સરાહના થઈ હોય તેવા સમયે ગુજરાત સરકાર તરફથી એક ટ્વિટ પણ ન આવે એનો ખેદ થવો પણ સ્વાભાવિક છે. તે સાથે તેમના અનુભવો પરથી તેઓ એ પણ કહે છે કે, ગુજરાતી દર્શકો ગુજરાતી ભાષાની ફિલ્મો માટે સકારાત્મક નથી. ગુજરાતી દર્શકો તરફથી આ ફિલ્મને એટલી સરાહના મળી નહીં. અમારું પણ માનવુ છે કે, એના માટે ખુદ આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રી જવાબદાર હોય શકે. જેણે દર્શકોમાં આ ભાવને હજુ પણ બરકરાર રાખ્યો છે.

તાજેતરમાં આ ફિલ્મને નેશનલ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે, અમારા અત્યાર સુધીમાં ધ ફુટેજ દ્વારા લેવાયેલા ઈન્ટરવ્યુમાં આ સૌથી લાંબો ઈન્ટર્વ્યુ છે. જેથી અમે નક્કી કર્યુ છે કે, આટીકલ બે ભાગમાં પ્રકાશિત કરવો. આ જે કંઈ વાતો લખાયેલી છે એથી વધુ જાણવા જેવી વાતો આવનારા અંકમાં...




TO BE CONTINUED...







આનંદકારક લાડુઝ, અગ્નિથી  પ્રકાશિત ડાયસ, આખા લોટ સ્મિત અને હાસ્ય, મસ્તીનો મોટો સ્ટોક, ઘણી બધી મીઠાઈ, અગણિત ફટાકડા, તમને આનંદ, ફ્રોલિક અને એન્ડલેસ સેલિબ્રેશન !!

હેપ્પી દિવાળી. !!!

**Arvind Vegda**
Singer




Dear Fans and Readers,

I am thrilled to connect with you all on this auspicious occasion of Diwali. I am deeply grateful for the incredible support you have shown me throughout my musical journey. As we celebrate the Festival of Lights, I want to extend my heartfelt wishes to each and every one of you. May this Diwali bring you boundless joy, prosperity, and harmony. Let the brilliance of the diyas illuminate your lives, guiding you towards positivity and success. Your unwavering support has been a beacon of inspiration, and I am truly blessed to have you by my side. Wishing you all a Happy Diwali filled with love, laughter, and endless blessings.



**Binny Sharma**
Singer | Music Composer

# દર્શકોને વાસ્તવિકતાનો અનુભવ કરાવી શકે એવી ગુજરાતી ફિલ્મો હવે બની રહી છેઃ મનીષ સૈની



તાજેતરમાં નેશનલ એવોર્ડમાં બે ગુજરાતી ફિલ્મોની નોંધ લેવાઈ જેમા એક ‘ગાંધી એન્ડ કંપની’ ફિલ્મને નેશનલ એવોર્ડ મળ્યો છે. આ ફિલ્મ હજુ રિલીઝ થવાની બાકી છે, જે થોડા સમયમાં રિલીઝ થશે. આ ફિલ્મનાં ડિરેક્ટર મનિષ સૈની સાથે ધ ફુટેજની ખાસ મુલાકાત.

‘કાઠીયાવાડ અને ગુજરાતની મહેમાનગતિ જે રીતે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે એ જ રીતે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ નોન ગુજરાતી આર્ટિસ્ટને આવકારવાની સાથે સાથે પોતાના કરી લે છે. મને જ જોઈ લો, હું હરિયાણાના એક નાનકડા ગામડામાંથી આવું છું છતાંય આજે ઉત્તમ ગુજરાતી ફિલ્મો બનાવું છું અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મારી સાથે ગુજરાતી ન હોવાથી કોઈપણ પ્રકારનો ક્યારેય ભેદભાવ થયો નથી. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સપોર્ટના કારણે જ મને ગુજરાત અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવું ગમે છે.’ આ શબ્દો ફિલ્મ ડિરેક્ટર મનીષ સૈનીનાં છે.

# MANISH SAINI



અનેક એવોર્ડ મેળવનાર ફિલ્મ નિર્માતા મનીષ સૈનીએ ‘ ધ ફૂટેજ ‘ સાથે વાત કરતા વધુમાં જણાવ્યું હતું કે, ‘ અમદાવાદ હું એનીમેશન શીખવા આવેલો. મુંબઈ પણ ગયેલો જો કે મને મુંબઈ રહેવાનું ગમ્યું નહિ અને હું અમદાવાદ આવ્યો. ફિલ્મ અને કોમ્યુનિકેશનનું સ્ટડી કર્યુ અને ફિલ્મો વિશે વધારે જાણ્યું ત્યારે ફિલ્મ બનાવવાનો નિશ્ચય વધુ દ્રઢ થતો ગયો. વિવિધ ક્ષેત્રના અનુભવ બાદ અને ફિલ્મને જાણ્યા સમજ્યા પછી મને એમ લાગ્યુ કે મારે ફિલ્મ બનાવવી જોઈએ અને મેં ફિલ્મ બનાવવાનું શરૂ કર્યુ.

ઢ’ ,’ ગીધ’ , ‘શુભયાત્રા’ અને ‘ ગાંધી એન્ડ કંપની ‘ જેવી ફિલ્મો બનાવીને અનેક એવોર્ડ જીતનાર મનીષ શૈની ગુજરાતીમાં વધુ સારામાં સારી ફિલ્મો બનાવવા ઈચ્છે છે. કોઈપણ એક નાનકડી વાતને પડદા ઉપર એ રીતે રજૂ કરવી જોઈએ કે તે આભાસ દર્શકોને હકીકત લાગે. જ્યારે આપણે એક ખોટી વાતને હકીકત બનાવીને દર્શકોને તેનો અનુભવ કરાવી શકીએ ત્યારે જ આપણે સારા ડિરેક્ટર કહેવાય એવું સ્પષ્ટ મંતવ્ય ધરાવનાર ડિરેક્ટર મનીષ પોતાની દરેક ફિલ્મોનાં ડીરેકશનમાં નાનામાં નાની વાતનું ધ્યાન રાખે છે. ફિલ્મને રિલીઝ કર્યા વગર જો ફેસ્ટિવલમાં મોકલવાની હોય તો એવોર્ડ માટે પણ મોકલી શકાય એવી પ્રાથમિક માહિતી મેળવીને મનીષે તેની ફિલ્મ એવોર્ડ માટે રજિસ્ટર્ડ કરાવી હતી અને તેમની ફિલ્મને નેશનલ એવોર્ડ પણ મળ્યો છે. હાલમાં મનીષ પાસે શોર્ટ ફિલ્મ અને ફીચર ફિલ્મની સ્ક્રીપ્ટ છે અને તેના ઉપર તેઓ કામ કરી રહ્યા હોવાનું ધ ફૂટેજને જણાવ્યું હતું.

મનીષ સૈનીએ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે વાત કરતા જણાવ્યું હતું કે, આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા નવા વિષયો આવી રહ્યા છે અને અમે આ ક્ષેત્રમાં જ કામ કરવા ઈચ્છીએ છીએ. જો કોઈએ ગુજરાતી ફિલ્મ ખૂબ સારી બનાવી હોય અને તે હિન્દી ફિલ્મ બનાવે તો હિન્દી ફિલ્મમાં સફળતા મળ્યા બાદ પણ તેને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહીને ગુજરાતી ફિલ્મ બનાવી જોઈએ જેથી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આગળ લાવી શકાય. ગુજરાતી દર્શકોએ પણ ગુજરાતી ફિલ્મને વધારે મહત્વ આપવું પડશે પરંતુ દર્શકોને ફિલ્મ સુધી લઈ આવવા માટે ફિલ્મ નિર્માતાઓએ જ વધુ મહેનત કરવી પડશે. ‘ધ ફૂટેજ’ને શુભેચ્છા આપતા મનીષે કહ્યું હતું કે, સાચું હંમેશા કહેવું જોઈએ. માત્ર કોઈની ટીકા કરવી એ જ મીડિયાનું કામ નથી. ક્યારેક કોઈને વખાણ કરીને પણ પ્રોત્સાહિત પણ કરવા જોઈએ. જો પ્રોત્સાહન આપવામાં આવે તો તે ક્ષેત્રનો વિકાસ નિશ્ચિત થાય છે. પ્રોત્સાહન કોઈપણ રૂપમાં હોય પરંતુ દરેક ક્ષેત્રને વ્યક્તિને પ્રોત્સાહિત કરવી જોઈએ. જ્યાં ટીકા કરવાની છે ત્યાં ટીકા કરવી જોઈએ પણ જ્યારે વખાણ કરવાના થાય ત્યારે વખાણ પણ કરવા જ જોઈએ અને ફૂટેજ આ કાર્ય બરાબર રીતે કરે છે તેની તેમને ખુશી છે. ભવિષ્યમાં પણ ફૂટેજ ખૂબ સફળતાના શિખરો સર કરે, પરંતુ હંમેશા સાચું લખે એવી શુભેચ્છા.

# coming soon



thefootage
REFLECTION OF GUJARATI ENTERTAINMENT

# MISS GUJARAT
## 2024

www.thefootage.in

ગુજરાતનો પહેલો એવો પેજન્ટ શો જે ઈન્ટરનેશનલ પેજન્ટ ફોર્મેટને અનુસરીને ઓર્ગેનાઈઝ કરવામાં આવશે.


વધુ વિગત માટે જોડાયેલા રહેશો

thefootage_magazine thefootagemagazine thefootagenews

કવર સ્ટોરી

# ગુજરાતી દર્શકો ગુજરાતી ફિલ્મનો ફર્સ્ટ શો જોવા માટે આતુર થતા નથીઃ પૂજા જોષી

# PUJA JOSHI



ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ગુજરાતી ઓડિયન્સ માટે ગુજ્જુ ડ્રીમ ગર્લ કહી શકાય એવા પૂજા જોષી 'ધ ફૂટેજ' નાં મહેમાન બન્યા હતા. અભિનેત્રી ના હોત તો જેને પાયલોટ બનવું હતું એ પૂજા જોષીએ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અને પોતાના સંઘર્ષની વાત કરતા કહ્યું હતું કે, આજે પણ જે રીતે હિન્દી ફિલ્મોમાં ફર્સ્ટ શો જોવાનો ક્રેઝ છે એવી ઘેલછા ગુજરાતી ફિલ્મ જોવા માટે ગુજરાતી દર્શકો દેખાડતા નથી. જેના કારણે આજે વર્ષો પછી પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ સંઘર્ષ કરવો પડે છે.

અભિનેત્રી પૂજા જોષીના પપ્પા ફાઈટર પાયલટ હતા જેના કારણે પૂજા કોઈ એક સ્કૂલમાં નથી ભણી શક્યા પરંતુ તેમને તેમનું એજ્યુકેશન અલગ અલગ સ્થળોએ લેવું પડ્યું હતું. જોકે સીબીએસસી બોર્ડમાંથી જ અભ્યાસ કરીને બીએસસી બાયોટેકનોલોજી સુધીનો અભ્યાસ પૂજાએ કર્યો પરંતુ કોલેજમાં જ પૂજાને એક્ટિંગનો બ્રેક મળ્યો અને ત્યારથી કેમેરા સાથે પ્રેમ થઈ ગયો. જ્યારે સૌથી પહેલા કોલેજના ત્રીજા વર્ષમાં પૂજાને એક સીરીયલમાં અભિનય કરવા માટે તક મળેલી ત્યારે તેમને તે અભિનય અધૂરો છોડવો પડ્યો હતો. કારણ કે પૂજાના પરિવારમાંથી પહેલા ભણતર પૂરું કરીને પછી કરિયર વિશે વિચારવા કહેવામાં આવ્યું હતું. જો કે પૂજાના મનમાં તો અભિનયનું ક્ષેત્ર વસી ગયેલું અને કોલેજ પૂરી થયા બાદ એક અભિનેત્રી તરીકે સફળ થવા માટે પૂજાએ સતત અને સખત પ્રયત્નો આદર્યા હતા.

કુમકુમના પગલાં પડ્યા, આવું જ રહેશે, હું અને તું વગેરે જેવી ગુજરાતી હિન્દી ફિલ્મો અને સીરીયલોમાં અભિનય કરીને પૂજાએ ગુજરાતી દર્શકોના દિલમાં અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક અલગ જગ્યા તો બનાવી લીધી છે તેની ખુશી છે પરંતુ હજી ગુજરાતી દર્શકોને ફિલ્મ જોવા માટે તેઓ થિએટર સુધી લાવી નથી લાવી શક્યા તેનો અફસોસ પણ છે. ખાસ કરીને માતૃભાષામાં દર્શકોનું મનોરંજન

# JOSHI

કરવાની વાતને લઈને પૂજા હંમેશા ગર્વ અનુભવે છે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સરખામણી વિશે જ્યારે પૂજાને સવાલ કરવામાં આવ્યો ત્યારે પૂજાનું કહેવું હતું કે આ બંને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું કમ્પેરીઝન થઈ શકે નહીં કારણ કે સૌથી મોટો પ્રશ્ન તો બજેટનો જ રહે છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ પાસે ખૂબ અનુભવ છે અને બજેટની કોઈ મર્યાદા નથી, જ્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હવે નવા નવા એક્સપેરિમેન્ટ કરીને આગળ વધે છે. ઉપરાંત ભાષાની મર્યાદા અને દર્શકોની વિચારસરણી બદલતા વાર લાગશે. આ સમય દર્શકોને પણ આપવો પડશે. જોકે છેલ્લા કેટલાક સમયમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અનેક ફેરફારો થયા છે અને તે સતત આગળ વધી રહી છે. ભવિષ્યમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અનેક નવા રેકોર્ડ બનાવશે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ને સફળ થવા માટે જેમ સારા કન્ટેન્ટની જરૂર છે એ જ રીતે ગુજરાતી દર્શકોનો સપોર્ટ પણ જરૂરી છે. આજે કોઈપણ ફિલ્મ આવે તો ગુજરાતી દર્શકો તે ફિલ્મ ઓટીટી ઉપર ફ્રી જોવા મળે તેની રાહ જોવે છે. ગુજરાતી ફિલ્મના ફર્સ્ટ ડે ફર્સ્ટ શો જોવાનું જ્યારે ગુજરાતી દર્શકો શરૂ કરશે ત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી એવા સફળતાના શિખરે ઉભી હશે જ્યાં અન્ય કોઈ પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે તેની સરખામણી થઈ શકશે નહીં. જ્યારે ગુજરાતી દર્શકો તરફથી ગુજરાતી ફિલ્મોની માંગ વધશે ત્યારે જ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા કલાકારો, નવા પ્રોડ્યુસરો અને નવા ડિરેક્ટરોને સ્થાન મળશે. સ્થાનિક મીડિયામાં પણ ગુજરાતી ફિલ્મોને કવરેજ મળે છે પરંતુ તેનું પ્રમાણ ઓછું છે સામે કોઈ દર્શક હિન્દી ફિલ્મ જોવા જશે તો તેના સોશિયલ મીડિયા ઉપર તેની પોસ્ટ મૂકશે જ્યારે ગુજરાતી ફિલ્મ વિશે આવી પોસ્ટ ખૂબ ઓછી જોવા મળે છે.

પૂજા જોષીને તેમના ગમા અણગમા વિશે પૂછ્યું ત્યારે તેમનું કહેવું હતું કે, મને મારું કામ ખૂબ ગમે છે પરંતુ તે જ કામના સ્થળે કોએક્ટરમાં પર્ફેક્શન નથી હોતું તે મને ખૂબ અકડાવે છે. ઘણી વખત મારા અભિનય ઉપર પણ તેની અસર થાય છે. જો કે હમણાં આવેલી ફિલ્મ હું અને તું માં કામ કરવાની તેમને ખૂબ જ મજા આવી હતી. વાતચીતનાં અંતે પૂજાએ ' ધ ફૂટેજ ' ને શુભેચ્છા આપતા કહ્યું હતું કે, હું, ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ધ ફૂટેજ ખૂબ સફળ અને મોટા થઈએ તેવી શુભકામના પાઠવું છું.

Renowned for his visionary choreography and management skills, the show director, Mr. Keyur Desai, has captivated audiences worldwide with his unparalleled creativity and unwavering dedication.Mr. Keyur Desai, popularly known as KD has this inbuilt remarkable ability to breathe life into the stage is nothing short of magical, earning him acclaim as a master of his craft.

Mr. KD has proven his challenges as a show director and choreographer for 2500+ shows in PAN India and globally. This unstoppable guy has been recently selected for the direction of New York Fashion Week Many bollywood stars, TV actresses and top liner models of India have walked for him in his journey of shows worldwide.

Apart from being the talk of the town, another vertical which is Mr. KD's event management firm which has successfully managed people's remarkable memories and footprints. Events like Vibrant Gujarat, Property, Cosmetic and Garment Expos and many big fat weddings has been done by Mr. KD, the MD of Page3 Events.

शुभ दिवाली

So today we got a chance to get a special message to our readers Diwali is the festival of radiance and style, much like the runway you create on every stage. Wishing all our viewers a dazzling Diwali filled with the grandeur of fashion, the elegance of design, and the confidence to walk your own unique path. Happy Diwali and new year from a choreographer who knows that style is not just what you wear, but how you carry it!"



**Keyur Desai**
Fashion choreographer



**વૈભવ મુકેશ દેસાઈ**
દિગ્દર્શક, લેખક, ગીતકાર, નિર્માતા
ગુજરાત ગૌરવ પુરસ્કૃત

शुभ दीपावली

લાગણીઓ મનાવો સૌ
વ્હાલને શણગારો સૌ
જિંદગીના આ સમયને
મન મૂકી મહેકાવો સૌ


દીવડાની જ્યોત સંગ
રંગોળીમાં સાત રંગ
મહેકતા અત્તરો ને
રોશની છે મસ્ત સુંવાળી

રંગો ભરી આવી દિવાળી
ખુશીઓ સંગ લાવી દિવાળી
પ્રેમનું સ્વસ્તિક રચવો
વ્હાલના તોરણ મહી
ચાહતોનું જગ વસાવો
દિલમાં ઉતરી જઈ કહી...

દસ્તક આપો
જીવનના નવતર વર્ષને
ખુશ હું ને ખુશ તમે
ચારેય દિશાઓ બોલી ઉઠી

રંગો ભરી આવી દિવાળી
ખુશીઓ સંગ લાવી દિવાળી

વૈભવ દેસાઈ



PARIKSHIT TAMALIYA

# ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મેકર્સ નહીં એક્ટર્સની કમી છેઃ પરીક્ષિત તમાલિયા

છેલ્લા નવ વર્ષથી અભિનય ક્ષેત્ર સાથે જોડાયેલા પરીક્ષિત તમાલિયાએ ‘ ધ ફૂટેજ ‘ સાથે ગુજરાતી ફિલ્મ, ગુજ્જુ ઓડિયન્સ અને પોતાની અંગત ઘણી વાતો કરી હતી. આ વાતો દરમિયાન પરીક્ષિતનું કહેવું હતું કે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મેકર્સથી વધુ એક્ટર્સની કમી છે. કારણ કે સારો અભિનય કરી શકે નહીં તેમના પાસેથી મેકર્સ પણ કેવી રીતે કામ લઈ શકે? આપણે ત્યાં ઘણા એક્ટર્સ એવા પણ છે તેઓનું એક ઝોનર છે. તેઓ તેની બહાર કામ કરી શકવામાં ક્યાંક મર્યાદિત હોય એવું લાગે છે આથી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આગળ વધારવા માટે સારા એક્ટર્સ ઈન્ડસ્ટ્રી ને મળે તે જરૂરી છે.

ગુજરાતીઓમાં ટેલેન્ટની કમી નથી. ગુજરાતીઓ દરેક ક્ષેત્રમાં ખૂબ જ પ્રતિભાશાળી છે પરંતુ અભિનયના ક્ષેત્રમાં વધુ એક્સપ્લોર કરવાની જરૂર છે. સાથે સાથે ગુજરાતી દર્શકોએ પણ અન્ય ક્ષેત્રની ફિલ્મ સાથે ગુજરાતી ફિલ્મની સરખામણી બંધ કરવી જોઈએ અને ગુજરાતી ફિલ્મને પણ મહત્વ આપવું જોઈએ. જોકે આ બાબત બંને બાજુ બેલેન્સ કરવાની છે કે ગુજરાતી દર્શકોએ ઓટીટી કરતા થિયેટરમાં ફિલ્મો જોવી જોઈએ અને ગુજરાતી ફિલ્મ મેકર એવી ફિલ્મો બનાવી જોઈએ કે આપોઆપ થિયેટર સુધી ખેંચાઈ આવે.

ગુજરાતી ફિલ્મનો ગ્રાફ જોવામાં આવે તો કોઈપણ ગુજરાતી ફિલ્મ પહેલા અઠવાડિયે જ સફળ થતી નથી પરંતુ બીજા કે ત્રીજા અઠવાડિયે પિકઅપ થાય છે પણ સમસ્યા એ થાય છે કે બીજા કે ત્રીજા અઠવાડિયા સુધી ફિલ્મ થિયેટરમાં ટકી શકતી નથી અને ઓછા બજેટના કારણે ફિલ્મ ઓટીટી ઉપર આવી જાય છે. ગુજરાતી ફિલ્મ બનાવવામાં બજેટથી માંડી અને અનેક પેરામીટર્સ કામ કરતા હોય છે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આંતરિક વાતો કરતા પરીક્ષિતનું કહેવું હતું કે, રાતોરાત એક પણ ક્ષેત્રમાં સફળતા મળતી નથી એટલે કોઈ પણ નવી વ્યક્તિએ તરત જ સફળતાની અપેક્ષા ન રાખવી જોઈએ કે કોઈને હીરો હિરોઈન બનાવવામાં આવે એવી અપેક્ષા ન રાખવી જોઈએ જ્યારે સામે મેકર્સે હું મારા જ કે આ જ ગૃપ સાથે કામ કરવું એવો પણ આગ્રહ રાખવો જોઈએ નહિ. એક ટીમમાં બધાને અનુકૂળ હોય અને ટીમ વર્ક કરે એ અલગ બાબત છે અને ગૃપ હોય તે પણ જુદી બાબત છે આથી જો આ બાબતનું બેલેન્સ થાય તો ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી રેકોર્ડ બ્રેક સ્તરે પહોંચશે. છેલ્લે પરીક્ષિતે ધ ફૂટેજનો ખુબ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, ધ ફૂટેજ અમારું ટેલેન્ટ લોકો સુધી પહોંચાડવામાં ખૂબ મહેનત કરે છે અને અમારો કોન્ફિડન્સ વધારે છે. ફૂટેજ આમજ અમારો આત્મવિશ્વાસ વધારતું રહે અને સફળતાના શિખરો સર કરતું રહે.

# ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાઉન્ડ ઈફેક્ટને લઈને હવે ગંભીર બની છે પરંતુ હજુ પણ ઘણું ખૂટે છેઃ રણજીતસિંહ મકવાણા

## Ranjitsinh Makwana

ફોલી સાઉન્ડએ ફિલ્મનો એક મહત્વનો ભાગ છે. આપણામાંથી ઘણા લોકોને આ વિષે કદાચ ખ્યાલ નહીં હોય કે, સિનેમામાં આપણે જે અવાજો સાંભળીએ છીએ, જેમ કે, દરવાજાનો અવાજ, ચાલવાનો અવાજ, કોઇ વસ્તુ પડવા જે કાપવાનો અવાજ, મોટાભાગનાં બેકગ્રાઉન્ડ સાઉન્ડ આ બધા અવાજો જ્યારે ફિલ્મ શુટ થઈ રહી હોય ત્યારે પ્રોપર રેકોર્ડ થતા નથી તે પાછળથી સ્ટુડીયોમા ક્રીએટ કરીને રેકોર્ડ કરવામાં આવે છે, એને કહેવાય ફોલી સાઉન્ડ. આજે ધ ફુટેજ સાથે ફિલ્મ નિર્માણમાં જેનો ખુબ મહત્વનો રોલ હોય એવા સાઉન્ડ ડિઝાઇનર રણજીતસિંહ મકવાણા સાથે ખાસ વાતચિત.

દર્શકોના મન અને મનને અત્યંત પ્રભાવિત કરનાર, શબ્દોનો પ્રભાવ વધારનાર અને જુદા જુદા ભાવોને અસરકારક રીતે રજૂ કરનાર સાઉન્ડ ફિલ્મોમાં હંમેશા મહત્વનો હિસ્સો હોય છે પરંતુ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સાઉન્ડ બાબતે હવે થોડી અવેરનેસ આવી છે જોકે સાઉન્ડનું કોઈપણ ઉત્તમ કામ કરાવવું હોય તો મુંબઈ જવું પડે આવી એક માન્યતા આજે પણ છે. આ માન્યતાને તોડવાના પ્રયત્નો સાઉન્ડ ડિઝાઇનર રણજીતસિંહ મકવાણા કરી રહ્યા છે.

તાજેતરમાં જ રણજીતસિંહ મકવાણાએ ‘ધ ફૂટેજ’ સાથે ઘણી વાતો કરી શેર કરી છે તેમાંથી કેટલીક વાતો અહીં આપના બધા માટે રજૂ કરીએ છીએ. અમદાવાદમાં જ જન્મેલા અને મોટા થયેલા રણજીતસિંહ ફિલ્મનો એક મહત્વનો હિસ્સો એવા સાઉન્ડ ક્ષેત્રમાં કામ કરે છે. માત્ર મ્યુઝિક અને જુદા જુદા બેકગ્રાઉન્ડ સાઉન્ડથી દર્શકો સમક્ષ એક ચિત્રને વધુ પ્રભાવશાળી બનાવવા માટે રણજીતસિંહ અવનવા અખતરાઓ પણ કરતા રહે છે.

રણજીતસિંહ વાત કરતાં જણાવ્યું હતું કે, જ્યારે તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે ક્યાં ક્ષેત્રમાં કરિયર બનાવવું તે નક્કી નહોતું પરંતુ બારમા ધોરણ બાદ તેમને ગિટાર શીખવાનો શોખ જાગેલો અને એ શોખ આજે રણજીતસિંહને નામ અને દામ બંને આપી રહ્યા છે. કોઈ પરીક્ષા આપવા માટે તેમને મુંબઈ જવાનું થયેલું અને ત્યારથી જ મ્યુઝિક સાથે નાતો જોડાઈ ગયો. ગંભીરતા દાખવી રણજીતસિંહ સાઉન્ડની ટેકનીકાલિટી પ્રોપર રીતે શીખ્યા અને ધીમે ધીમે ફિલ્મોમાં બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને જુદા જુદા સાઉન્ડ આપવાની શરૂઆત કરી. ધુંઆધાર ફિલ્મ રણજીતસિંહની પહેલી અને યાદગાર ફિલ્મોમાંની એક છે. ઓટીટી પ્લેટફોર્મ ઉપર અનેક વેબ સિરીઝ અને હિન્દી ગુજરાતી અનેક ફિલ્મોમાં સાઉન્ડ ડિઝાઇનર તરીકે કામ કરી ચૂકેલા રણજીતસિંહ સાઉન્ડને ફિલ્મનું હાર્દ ગણાવે છે.

જો રણજીતસિંહના શબ્દોમાં કહીએ તો ‘હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાઉન્ડ બાબતે ખૂબ અવેર છે પરંતુ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હજુ અવેરનેસ ઓછી છે. ફોલી બાબતે હવે થોડી સમજ કેળવાઈ છે પણ ઘણી વખત બજેટનો પ્રશ્ન પણ આવતો હોય છે સારું કામ કરાવવું હોય તો મુંબઈ જ કામ કરાવું પડે આવી એક ગુજરાતીઓમાં જડ માન્યતા છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ માન્યતા તોડીને મારે મુંબઈ કરતાં પણ શ્રેષ્ઠ કામ અમદાવાદ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરવું છે. અહીં હું ઉત્તમ પ્રકારનું કામ આપવા ઈચ્છું છું. અન્યની જેમ જ મેં પણ ખૂબ સ્ટ્રગલ કરેલી છે અને હજી કરી રહ્યો છું છતાંય આજે એક મુકામે પહોંચ્યા બાદ હવે મારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મારુ શ્રેષ્ઠ આપવું છે. ન્યુકમર માટે સાઉન્ડ ડિઝાઇનિંગ ક્ષેત્ર ખુબ સારું છે પરંતુ આમાં પ્રોપર ટ્રેનિંગની જરૂર પડે છે. કોઈપણ ચિત્રની અસર ત્યારે જ થાય જ્યારે તેમાં નાનામાં નાનો અવાજ લોકો સુધી પહોંચે. ફિલ્મમાં સ્ક્રિપ્ટ, ડાયલોગ અને સિનેમાટોગ્રાફીની અસરકારકતા સાઉન્ડથી વધી જાય છે આથી સાઉન્ડ ડિઝાઇનરનું કામ અત્યંત જવાબદારી ભર્યું હોય છે. ખાસ કરીને જ્યારે ડબિંગના બદલે સીન ક્રીએટ કરીને લાઈવ સાઉન્ડ કરવાનું હોય ત્યારે તો વધારે ધ્યાન રાખવું પડે છે.

એક ફિલ્મ નિર્માણ સાથે અનેક લોકો અને ટેક્નિશીયનો નો ખૂબ મોટો રોલ અને મહેનત હોય છે, બેકગ્રાઉન્ડમાં કામ કરતા એવા અનેક લોકો જેને આપણે ક્યારેય ધ્યાનમાં નથી લેતા જેની નોંધ હવેથી ધ ફુટેજ લેશે. આ બધા જ મહેનતુ લોકોને ધ ફુટેજ તરફથી અનેક અનેક શુભકામનાઓ.



## જ્યોતિષ ક્ષેત્રે દેશ અને વિદેશમાં અનેક મહાનુભાવો દ્વારા સન્માનિત

# જ્યોતિષ એટલે ઈશ્વરની જ્યોત જેને પ્રજ્વલિત રાખવા સત્ય, પારદર્શિતા અને સમજણપૂર્વકનો અભિગમ જરૂરી છે : ડો. આશિષ શાહ



■ પૂજ્ય મહંતશ્રી ડો. જ્ઞાનવત્સલ સ્વામીના હસ્તે એવોર્ડ સ્વીકારતા



■ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સન્માનિત



■ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એવોર્ડ સ્વીકારતા



■ કેન્દ્રના મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ અને મોટિવેશનલ સ્પિકર ગોરગોપાલદાસ હસ્તે એવોર્ડ સ્વીકારતા



■ બોલીવુડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના હસ્તે સન્માનિત



■ બોલીવુડ એક્ટ્રેસ મંદિરા બેદીના હસ્તે સન્માનિત



■ બોલીવુડ એક્ટ્રેસ સમિતા શેટ્ટીના હસ્તે સન્માનિત



■ બોલીવુડ એક્ટ્રેસ સોહા અલીના હસ્તે સન્માનિત

ડૉ. આશિષ જ્યોતિષ વિદ્યામાં Ph.D.ની પદવી ધરાવે છે. આ વિષયમાં તેઓ વિશ્વમાં અગ્રણ્યમાંના એક પ્રખર વિશ્લેષક છે. સર્વધર્મના શાસ્ત્રના જ્ઞાન થકી ધર્મ મુજબ વ્યક્તિ વિશેષને સકારાત્મક રીતે સમજણપૂર્વક તેમની સમસ્યામાંથી બહાર નિકળવાનો સરળ માર્ગ બતાવે છે.

## સર્વ જીવોનું કલ્યાણ, મુઝવણરહિત જીવન, સમસ્યા શૂન્ય થાય, તે જ ડૉ. આશિષનું લક્ષ્ય

ગુજરાત

ડૉ. આશિષના જણાવ્યાનુસાર જ્યોતિષશાસ્ત્ર એ આર્યુવેદાનું મૂળ છે. જ્યોતિષ એટલે ઈશ્વરની જ્યોત, જેને પ્રજ્વલિત રાખવા સત્ય, પારદર્શિતા, વ્યવહારિકતા અને સમજણપૂર્વકનો અભિગમ જરૂરી છે. ના ડર-વહેમ-વિધિ-વિધાન કે રત્ન ધારણ કરાવવા, ઉપવાસ કરાવવા કે મંત્રોની માળાઓ કરાવવી એ તકલીફનો માર્ગ નથી. અમેરિકા, લંડન, યુરોપ, ગલ્ફ પ્રદેશ તેમ જ ભારતભરમાં પોતાના જ્ઞાન થકી સકારાત્મકતાનો સ્ત્રોત્ર પ્રવાહિત કરતાં ડૉ. આશિષ શાહે સરળ સહજતાથી સમસ્યાઓના નિરાકરણના માર્ગદર્શન થકી આશરે 55,000થી વધુ પરિવારના પથદર્શકરૂપે પોતાના વ્યક્તિત્વની આભા વિશ્વભરમાં પ્રચલિત કરી છે. જ્ઞાનનું અભિમાન નિષ્ફળતા અપાવે છે, માટે તે પોતે ફક્ત નિમિત્ત માત્ર છે. કર્તા તો ઈશ્વર છે, એ વિચારધારાને ધ્યાનમાં રાખી તે પોતાના કર્મ પ્રત્યે વ્યવહારિકતા તેમ જ લાગણીશીલતાના સમન્વયથી તકલીફદાયક સમયને સાનુકૂળતા તરફ પરિવર્તનનું માર્ગદર્શન આપી સમજણ આપે છે કે, **આ દિવસો પણ ચાલ્યા જશે. "સારા હશે કે નરસા"**

ડૉ. આશિષની ટેલિફોનિક એપોઈન્ટમેન્ટ માટે +91 99786 14965 ઉપર કૉલ કરી શકો છો. તેમનો કન્સલ્ટેશન (પ્રતિ કુંડળી) રૂ. 51000/- (એકાવન હજાર) ચાર્જ છે.

**વિશ્વના એકમાત્ર એસ્ટ્રોલોજર માટે FORBES મેગેઝિના મતે THE SUN, THE MOON, THE TRUTH & DR. ASHISH**

## ડૉ. આશિષની આગાહી

**2024માં ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની સરકાર રચાશે.**

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી સમયમાં UNOનું પ્રેસિડેન્ટ પદ ગ્રહણ કરશે જ.

**સર્વ ધર્મના લોકોની સમસ્યાનું નિરાકરણ સરળ અને સચોટ રીતે કરે છે તેવા ડૉ. આશિષના મુખ્ય સિદ્ધાંતોના અંશો...**

- માતા-પિતા, વડીલો તેમજ ભૂદેવોનું સન્માન નહી કરો ત્યાં સુધી ભગવાન નહી મળે.
- દરેક સ્ત્રીનું સન્માન કરો, ધનતેરસે લક્ષ્મી પૂજા સાથે તમારા ઘરમાં રહેલ મા-બહેન-દીકરી-પત્નીની પણ પૂજા કરો.
- સાચું તીર્થ આપણો પરિવાર છે. તેની કિંમત કરતા શીખો.
- મંગળ ક્યારે પણ અમંગળ હોતો નથી.
- રત્ન એ માત્ર એક ભ્રમ છે.
- મકાન કે જમીનમાં ગૌમૂત્ર તેમજ પવિત્ર જળના છંટકાવથી ભારેમાં ભારે જમીન દોષમુક્ત થાય છે.
- ઘર કે ઓફિસમાં મંત્રોચ્ચારનું રટણ સકારાત્મકતાનો સંચાર કરે છે.
- સર્વજનનું સન્માન એ પ્રગતિનું પ્રથમ પગથિયું છે.
- શનિની પનોતીનો સમય જીવનનું ઘડતર કરે છે, તે ક્યારેય પણ કષ્ટદાયક હોતો નથી.

**ના ડર, ના વહેમ, ના વિધિ વિધાન, ના બાધા, ના ઉપવાસ, ના રત્ન, ના યંત્ર**

## જ્યોતિષ, વાસ્તુ, એનર્જી મેનેજમેન્ટમાં સકારાત્મકતાનું સિંચન એટલે ડૉ. આશિષ

**સર્વ જીવોનું કલ્યાણ, મુંઝવણરહિત જીવન, સમસ્યા શૂન્ય થાય, તે જ ડૉ. આશિષનું એકમાત્ર લક્ષ્ય...**



વિશ્વના એકમાત્ર એસ્ટ્રોલોજર માટે FORBES મેગેઝિના મતે
**THE SUN, THE MOON, THE TRUTH & DR. ASHISH**

ડૉ. આશિષના જણાવ્યાનુસાર જ્યોતિષશાસ્ત્ર એ આર્યુવેદાનું મૂળ છે. જ્યોતિષ એટલે ઈશ્વરની જ્યોત, જેને પ્રજ્વલિત રાખવા સત્ય, પારદર્શિતા, વ્યવહારિકતા અને સમજણપૂર્વકનો અભિગમ જરૂરી છે. ના ડર-વહેમ-વિધિ-વિધાન કે રત્ન ધારણ કરાવવા, ઉપવાસ કરાવવા કે મંત્રોની માળાઓ કરાવવી એ તકલીફનો માર્ગ નથી.

અમેરિકા, લંડન, યુરોપ, ગલ્ફ પ્રદેશ તેમજ ભારતભરમાં પોતાના જ્ઞાન થકી સકારાત્મકતાનો સ્ત્રોત્ર પ્રવાહિત કરતાં ડૉ. આશિષ શાહે સરળ સહજતાથી સમસ્યાઓના નિરાકરણના માર્ગદર્શન થકી આશરે 50,000થી વધુ પરિવારના પથદર્શકરૂપે પોતાના વ્યક્તિત્વની આભા વિશ્વભરમાં પ્રચલિત કરી છે. જ્ઞાનનું અભિમાન નિષ્ફળતા અપાવે છે, માટે તે પોતે ફક્ત નિમિત્ત માત્ર છે. કર્તા તો ઈશ્વર છે, એ વિચારધારાને ધ્યાનમાં રાખી તે પોતાના કર્મ પ્રત્યે વ્યવહારિકતા તેમજ લાગણીશીલતાના સમન્વયથી તકલીફદાયક સમયને સાનુકૂળતા તરફ પરિવર્તનનું માર્ગદર્શન આપી સમજણ આપે છે કે, આ દિવસો પણ ચાલ્યા જશે. "સારા હશે કે નરસા"

**સોશિયલ મીડિયાની વ્યાપક ભ્રમણાઓને સમજ્યા વગર ક્યારેય અનુસરવું નહીં... દરેક વ્યક્તિને ગ્રહોનાં ગોચર પરિવર્તનનું પોતાની જન્મ કુંડળીને આધીન સારું-નરસું ફળ મળે છે. - ડૉ. આશિષ**

## ડૉ. આશિષના મતે જ્યોતિષ એ સારો મિત્ર હોવો જોઈએ ગુરુ નહીં.

ડૉ. આશિષ, જ્યોતિષ વિદ્યામાં Ph.D.ની પદવી ધરાવે છે. આ વિષયમાં તેઓ વિશ્વમાં અગ્રણ્યમાંના એક પ્રખર વિશ્લેષક છે. સર્વધર્મના શાસ્ત્રના જ્ઞાન થકી ધર્મ મુજબ વ્યક્તિ વિશેષને સકારાત્મક રીતે સમજણપૂર્વક તેમની સમસ્યામાંથી બહાર નિકળવાનો સરળ માર્ગ બતાવે છે.

**ડૉ. આશિષની ટેલિફોનિક +91 99786 14965 ઉપર તેમનો કન્સલ્ટેશન (પ્રતિ કુંડળી) ચાર્જ રૂ. 51,000/- છે અને રૂબરૂ મળવાનો ચાર્જ રૂ. 1,00,000/- છે. (PRIOR APPOINTMENT REQUIRED)**

Printed, Published and Owned by BHUPEN N. VALA and Printed at AMBICA OFFSET Plot No. 25, Ground Floor, Near Saibaba Flats, Bunglow Area, Kubernagar, Ahmedabad-382340 and published from J- 151, Nareshwar Flat, Nr. Alkapuri Society, Ghatlodia, Ahmedabad-380061 - Editor: Bhupen N. Vala